**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

**CIN NO: L17299GJ1993PLC032905**
**AN IS/ISO : 9001 : 2015 COMPANY**

**Head Office :**
506, Saffron Building, Near Center Point,
Ambawadi, Ahmedabad - 380 006.
Phone : 079-26427800, 26565200
Tele Fax : 91-79-26421864
E-mail : polylink@polylinkpolymers.com
Website : www.polylinkpolymers.com

**Registered Office (Works) :**
Block No. 229-230, Vill - Valthera,
Dholka-Bagodara Highway,
Taluka-Dholka,
Dist.-Ahmedabad-382225

**Date: 04th February,2025**

To,

The Secretary,
Corporate Relationship Department,
Bombay Stock Exchange,
1st Floor, New Trading Ring,
Rotunda Building, P.J. Towers,
Dalal Street,
Mumbai - 400 001

Scrip Code - 531454

Sub: Compliance under Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015

Dear Sir,

We would like to inform you that pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('LODR'), pleased find enclosed herewith copies of newspaper publication of Unaudited financial result for the quarter ended 31st December,2024 as approved in the Board Meeting held on dated 3rd February, 2025 in the following newspapers on 4th February,2025

- The Newsline (Gujarati)
- Chanakya Ni Pothi (English)

This is for your information and record purpose.

**Yours Faithfully,**

**For Polylink Polymers (India) Limited**

Raviprakash Harishankar Goyal

Digitally signed by Raviprakash Harishankar Goyal
DN: c=IN, o=Personal, title=4501, pseudonym=8e231dc998844c86bb6ccb6efdb7657f, 2.5.4.20=841da4ac3971a59d19348514ff9d9caff29ff81eeed01360f09dff1a638171a8, postalCode=380054, st=Gujarat, serialNumber=425f10afdc50176456825375950c1683e9bf1947d4917fdd1261fda0208239d6, cn=Raviprakash Harishankar Goyal
Date: 2025.02.04 12:42:09 +05'30'

**Raviprakash Goyal**
**Whole Time Director**
**DIN: 00040570**

Encl: As above

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૩૧ અંક : ૧૩૨ તા.૪-૦૨-૨૦૨૫ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : પરેશ ગંજવાલા, સહ તંત્રી : રાધિકા ગંજવાલા

# વિદેશી લોનની ચૂકવણી અતિશય મુશ્કેલ બની ગઈ

## અર્થતંત્ર વપરાશના સ્લોડાઉનના તબક્કામાં ફસાયું છે



સરકારની કોઈ પણ નીતિઓ અથવા તો કંપનીઓ દ્વારા જે જાહેરાત થતી હોય તેનું શેરબજાર ઉપર શું પ્રતિબિંબ થાય છે તેને આધારે જે-તે નીતિ અથવા તો કંપનીના પ્રોજેક્ટોનું મૂલ્યાંકન કરાય છે એટલે કે શેરબજારને અર્થતંત્રના પ્રતિબિંબ તરીકે આપણે ઓળખીએ છીએ. નાણાપ્રધાન નિર્મલા સિતારામન દ્વારા બજેટ-૨૦૨૫ રજૂ કરાયું અને તે પછી સેન્સેક્ષમાં ૨૦૭ અને નિફ્ટીમાં ૧૦૦ પોઈન્ટનો ઘટાડો થયો અને તેથી પ્રાથમિક નજરે એમ લાગે કે બજેટ બજાર માટે પૂરતું પ્રોત્સાહક નથી. અને તેથી આ બજેટની સહેજ ઊંડાણપૂર્વકની છણાવટ આવશ્યક છે પરંતુ તે પહેલા ભારતીય અર્થતંત્ર કેવા મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે તે પાસાઓને પણ ટૂંકમાં સમજી લેવા જરૂરી છે.

ભારતીય અર્થતંત્ર અત્યારે ખૂબ જ કપરી લિક્વીડીટીની ખાધમાંથી પસાર થઈ રહ્યું છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં બેકિંગ સેક્ટરમાં અત્યારે રૂા. ૩ લાખ કરોડની લિક્વીડીટી ખાધ અનુભવાય છે અને તે પાસું અર્થતંત્ર અને શેરબજાર માટે ખૂબ જ નિરાશાજનક છે. બીજી તરફ અર્થતંત્ર પ્રગતિ કરી રહ્યું છે કે કેમ તેના પ્રતિબિંબ રૂપે જે પર્ચેજિંગ મેનેજર્સ ઈન્ડેક્ષનો આંકડો છે તેમાં પણ અત્યારે ૧૪ મહિનાનું તળિયું આવી ગયું છે એટલે કે ફ્લેશ પર્ચેજિંગ મેનેજિંગ ઈન્ડેક્ષ અત્યારે ૧૪ મહિનાના બોટમ ઉપર છે અને સર્વિસીસ સેક્ટરમાં પણ અત્યારે ઘટાડાનો ટ્રેન્ડ જોવાય છે. જે કંપનીઓ દ્વારા એક્સટર્નલ કોમર્યિલ બોઈરિંગ એટલે કે પરદેશમાંથી લોન ભંડોળ ઊભું કરાયું છે તે અત્યારે ખૂબ જ કપરી પરિસ્થિતિમાં ફસાયા છે અને ભારતીય રૂપિયામાં જે રીતનો ઘટાડો છે તેને કારણે તમામ વિદેશી લોનની ચૂકવણી અતિશય મુશ્કેલ બની ગઈ છે.

અન્ય મહત્ત્વના પાસામાં હાઈવે કન્સ્ટ્રક્શન એપ્રિલથી ડિસેમ્બરના સમયગાળામાં ૫.૮ ટકાનો ઘટાડો દર્શાવે છે અને હાઈવે કન્સ્ટ્રક્શન અત્યારે ૫૨૮૩ કિલોમીટર ઉપર આવી ગયું છે એટલે કે આડકતરી રીતે કહીએ તો સરકાર દ્વારા જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર માટે ખર્ચો થઈ રહ્યો હતો તેમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. અને સૌથી મહત્ત્વનું પાસું મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં જે રોજગારી સને ૨૦૧૦-૧૧માં હતી તેની કરતા પણ અત્યારે રોજગારી ખૂબ જ નીચી આવી ગઈ છે. સને ૨૦૧૦-૧૧માં મેન્યુફેક્ચરિંગ સેક્ટર દ્વારા ૩.૪૯ કરોડ લોકોને રોજગારી આપવામાં આવી હતી અને તે લગભગ ૧૩ વર્ષ પછી અત્યારે ૩.૩૭ કરોડના લેવલ ઉપર ચાલી રહી છે એટલે કે ભારતનું મેન્યુફેક્ચરિંગ સેક્ટર અત્યારે ખૂબ જ કપરા અને સ્લોડાઉનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને આ વખતના બજેટમાં આ પાસાઓને સીધા અથવા તો આડકતરી રીતે આવરી લેવાશે તેવી અપેક્ષા હતી.

સામે પક્ષે બજેટ-૨૦૨૪ દરમ્યાન કુલ ફાળવણીમાં ૨૪.૧૨ ટકા જેટલો જંગી હિસ્સો વ્યાજની ચૂકવણી માટે ફાળવવામાં આવ્યો હતો એટલે કે સરકાર જે કરવેરા અને અન્ય સ્રોત દ્વારા વસૂલાત કરે તેમાંથી લગભગ ૨૪ ટકા હિસ્સો તો વ્યાજ ચૂકવવા માટે જ વાપરવાનું લક્ષ્યાંક હતું. જ્યારે પગારો પેઠે બીજા ૩.૩૬ ટકા અને પેન્શનપેઠે ૫.૦૪ ટકા રકમ ચૂકવવાની જોગવાઈ કરવામાં આવી હતી. એટલે કે લગભગ ૩૨ ટકા બજેટનો હિસ્સો તો બિનઉત્પાદક ચીજો માટે વપરાય છે. અને આ વખતના બજેટમાં પણ આ અંગે કોઈ ફેરફાર નથી થયો.

બજેટ અગાઉ સરકાર દ્વારા ૮મુ પે કમિશન જાહેર કરી દેવાયું અને તે કમિશનમાં જે જોગવાઈઓ કરવામાં આવી છે તેને કારણે સરકારના પગાર અને પેન્શન ખર્ચમાં ચાલુ વર્ષે વધારે તોતિંગ ઉછાળો જોવાશે, પરંતુ સામે પક્ષે આ વખતના બજેટમાં એવી કોઈ મહત્ત્વની જોગવાઈ નથી કે જેને કારણે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર માટે અને રેલવે માટે વધારે મોટું એલોકેશન ફાળવવામાં આવ્યું હોય અને તેથી જ આવકવેરા અંગેની રાહતો છતાં પણ બજેટની જાહેરાત પછી સેન્સેક્ષ અને નિફ્ટીમાં ઘટાડો થયો છે.

આ વખતના બજેટની બધાને ગમી જાય તેવી મહત્ત્વની જોગવાઈ રૂા. ૧૨ લાખની આવક સુધી કોઈ જ કરવેરો ન લાગે તેની કહી શકાય. સરકાર દ્વારા ધીરે ધીરે આવકવેરા મુક્તિની લિમિટ દર વર્ષે વધારાવમાં આવી રહી છે અને તે મુજબ આ વખતે આ લિમિટને ૧૨ લાખ કરી દેવાઈ અને આ લિમિટનો સૌથી મોટો ફાયદો સિનિયર સિટિજનની સાથે સાથે યુવાન વર્ગને પણ મળી શકશે. ભારતમાં અત્યારે યુવાન વર્ગનો હિસ્સો ખૂબ જ ઝડપથી વધ્યો છે અને તેમની આવકો પણ છેલ્લા પાંચ વર્ષમાં ખૂબ જ ઊંચા દરે વધી રહી છે અને તેથી જો મહિને એક લાખનીઆવક ઉપર તેમને કોઈ જ વેરો ન ભરવાનો આવે તો સ્વાભાવિક છે કે તેમાંથી મોટી રકમ મોબાઈલ ફોન, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને એફએમસીજી પ્રોડક્ટો માટે વપરાશે. આ ઉપરાંત આવકવેરાની જે બચત થશે તેનો મોટો હિસ્સો ટૂર અને ટ્રાવેલ તેમજ કપડામાં પણ વપરાય તે સ્વાભાવિક છે. આમ આ એક મહત્ત્વની જોગવાઈ દ્વારા નાણામંત્રીએ અર્થતંત્ર કે જે અત્યારે વપરાશના સ્લોડાઉનના તબક્કામાં ફસાયું છે તેને બહાર લાવી દેવા માટે જરૂરી પગલું લીધું છે. છેલ્લા થોડા મહિનાથી આપણે જોઈએ છીએ કે શહેરી ભારતમાં વપરાશમાં સ્લોડાઉન વધારે તીવ્ર છે અને નાણામંત્રીના આ એક મહત્ત્વના પગલાને કારણે શહેરી સ્લોડાઉનનો ટ્રેન્ડ હવે ઝડપથી રિવર્સ થાય તેમ કહી શકાય. ભલે સેન્સેક્ષ અને નિફ્ટી ઉપર આ મહત્ત્વના પગલાની અસર શનિવારે નથી દેખાઈ, પરંતુ આ પગલાને કારણે એફએમસીજી સેક્ટર, ટ્રાવેલિંગ, ટેક્ષટાઈલ અને રેડીમેઈડ ગાર્મેન્ટ આ સેક્ટરનો મધ્યમગાળે સુંદર ફાયદો મળી શકશે અને પ્રથમ તબક્કામાં આ ફાયદો હિન્દુસ્તાન યુનિલિવર, ડાબર, તાતા કન્ઝયુમર, ગોદરેજ કન્ઝ્યુમર, ટાઈટન વગેરે કંપનીઓને મળશે અને તેથી આગામી દિવસોમાં આ શેરોમાં અત્યાર સુધી જે ઘટાડાનો તબક્કો હતો તે ટ્રેન્ડ બદલાય અને ધીમો સુધારો શરૂ થાય તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

આ બજેટમાં એક બીજું મહત્ત્વનું પાસું સિગારેટ અને તમાકુ ઉપર કોઈ જ પ્રકારની ડ્યૂટી વધારવામાં નથી આવી. અને આ રીતે આ સેક્ટરને આ તબક્કે ધ્યાનબહાર કરાતા આઈટીસી, ગોડફ્રે ફિલિપ્સ અને વીએસટી ઈન્ડસ્ટ્રીઝના શેરોમાં મજબૂત ઉછાળો જોવાયો. પરંતુ સામે પક્ષે ઓનલાઈન ગેમિંગ સેક્ટર કે જેને જીએસટીમાં રાહતની અપેક્ષા હતી તેમાં કોઈ જ રાહત નથી આવી અને આ રાહત ન આવવાને કારણે આ તબક્કે નઝારા ટેકનોલોજીના શેર ઉપર પોઝિટિવ અસર નથી દેખાતી, પરંતુ એકંદરે યુવાન વર્ગમાં જે રીતે ગેમિંગ ખૂબ જ પોપ્યુલર છે તેને કારણે પોતાની તાકાત ઉપર જ ઓનલાઈન ગેમિંગ અને ખાસ કરીને નઝારા ટેકનોલોજીનો શેર ઝડપથી ઊંચકાશે તે સંભાવના મજબૂત છે.

બજેટની બીજી એક મહત્ત્વની જાહેરાત ટૂરિઝમ સેક્ટર માટે છે. અને તેમાં ૫૦ નવી સાઈટને વિકસાવવા ઉપર હવે ભાર આપવામાં આવશે એટલે કે આગામી સમયગાળામાં સરકાર આ નવા ૫૦ લોકેશન ઉપર એર કનેક્ટીવીટી શરૂ કરવા માંગે છે.

૮૮ નવા એરપોર્ટ શરૂ કરવાની સાથે સાથે ઉડાન સ્કીમને નવા ફેરફાર સાથે ૬૯૦ નવા રૂટ શરૂ કરવામાં આવશે.

બીજી તરફ ઈ-વીસા સવલત પણ સરળ બનાવવા માટે અને અમૂક કિસ્સામાં ઈ-વીસાની જરૂર જ ન રહે તે અંગે પણ સરકાર આગળ વધી રહી છે અને આ જોગવાઈનો પણ ખૂબ જ મોટો ફાયદો આગામી મહિનાઓમાં ભારતના ટ્રાવેલ સેક્ટર અને ખાસ કરીને ઈન્ડિયન હોટલ્સ, આઈટીસી, સામ્હી હોટલ્સ અને બીજી હરોળની હોટલ કંપનીઓને મળે તેવી ગણતરી છે. જે ૫૦ નવી સાઈટો શરૂ કરવાની છે અને સાથે સાથે લગભગ ૬૯૦ નવા એરલાઈન્સ રૂટ પણ શરૂ કરવામાં આવશે. અને તેનો પણ ખૂબ જ મોટો ફાયદો એક તરફ ઈન્ડિગો એરલાઈન્સ, અનલિસ્ટેડ કંપની એર ઈન્ડિયા તેમજ સ્પાઈસ જેટને મળી શકશે. પરંતુ સાથે સાથે એરપોર્ટના ધંધામાં જંગી મૂડીરોકાણ ધરાવતી અદાણી એન્ટરપ્રાઈઝને પણ આ જોગવાઈનો મોટો ફાયદો મળે તેવી ગણતરી છે.

સરકાર છેલ્લા થોડા સમયથી 'હિલ ઈન ઈન્ડિયા' સ્લોગન ઉપર કામ કરી રહી છે એટલે કે ભારતમાં આવો અને ઉપચારનો ફાયદો મેળવો. છેલ્લા બે વર્ષથી આપણે જોઈએ છીએ કે ભારતની ટોચની હોસ્પિટલ કંપનીઓ એપોલો હોસ્પિટલ અને અન્ય હોસ્પિટલ કંપનીઓને મેડિકલ ટૂરિઝમનો ખૂબ જ મોટો ફાયદો મળી રહ્યો છે અને આ વખતના બજેટમાં મેડિકલ ટૂરિઝમને પ્રોત્સાહન મળે તે માટે વીસાના જોગવાઈઓ વધારે સરળ કરવાની જાહેરાત કરાઈ છે અને આ પાસાને કારણે તેમજ રૂપિયો નબળો પડી રહ્યો હોવાથી વિદેશી પેશન્ટોને ભારતમાં ટ્રીટમેન્ટ લેવી આડકતરી રીતે વધારે કિફાયતી થઈ હોવાથી ઓર્ગેનાઈઝ હોસ્પિટલ કંપનીઓને આ બજેટને કારણે આડકતરો ફાયદો મળી શકશે. અને તેમાં એપોલો હોસ્પિટલ ઉપરાંત નવી દિલ્હી ખાતે મુખ્ય મથક ધરાવતી મેદાંતા, એસ્ટર ડીએમ, નારાયણ હૃદયાલય, એચસીજી અને ગ્લોબલ હેલ્થ વગેરે શેરો ઉપર વધારે પોઝિટિવ અસર જોવા મળવાની ગણતરી છે.

બજેટમાં શિપિંગ ઉદ્યોગ અને શિપ બ્રેકિંગ માટે પણ ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. શિપિંગ ઉદ્યોગમાં અમૂક પાર્ટ્સ ખૂબ જ લાંબા સમય સુધી જરૂરી હોય છે અને તેથી આ સેક્ટરને રાહત મળે તે માટે આવા પાર્ટ્સની આયાત સંપૂર્ણપણે કરમુક્ત કરી દેવાઈ છે. શિપ બ્રેકિંગને પણ તેનો ફાયદો મળે તેવી ગણતરી છે અને આ જોગવાઈને કારણે મધ્યમગાળે મઝગાંવડોક અને કોચીન શિપયાર્ડને ફાયદો મળી શકશે. જ્યારે શિપ બ્રેકિંગમાં હાલના તબક્કે કોઈ જ લિસ્ટેડ કંપની ન હોવાથી તેની અસર જોવા મળે તે સંભાવના નહિવત છે.

ઈલેક્ટ્રોનિક્સ ગુડ્ઝની આયાત ડ્યૂટી ઘટાડવામાં આવી છે અને ખાસ કરીને લિથિયમ આયર્ન બેટરીના ઉત્પાદન માટે જે કાચોમાલ વપરાય છે તેની ઉપરની ડ્યૂટી પણ ઘટાડાઈ છે અને તેનો ફાયદો એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝને મળશે તે સંભાવના છે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન કરતી તાતા મોટર્સ, ટીવીએસ મોટર્સ, બજાજ ઓટો, ઓલા ઈલેક્ટ્રિક વગેરેને પણ નાનો ફાયદો મળે તે સંભાવના મજબૂત છે.

રેલવે શેરોના ભાવમાં બજેટ પછી નોંધપાત્ર ઘટાડો જોવાયો અને ખાસ કરીને આઈઆરસીટીસીનો ભાવ બજેટ પૂરું થયા પછી લગભગ ૨ ટકા તૂટી ગયો હતો. જ્યારે આઈઆરએફસીના શેરના ભાવમાં લગભગ ૩ ટકાનો અને ઈર્કોનના શેરના ભાવમાં ૪ ટકાનો ઘટાડો થયો છે અને બજેટમાં રેલવે માટે કોઈ સ્પષ્ટ જોગવાઈ ન હોવાથી અને એલોકેશનમાં પણ નોંધપાત્ર વધારો ન હોવાથી આ શેરો ઉપર અસર જોવા મળી છે પરંતુ સામે પક્ષે ટૂરિઝમ સેક્ટર અંગે જે અન્ય જોગવાઈઓ છે તેનો ફાયદો રેલવે સંબંધિત લિસ્ટેડ કંપનીઓને મળી શકશે અને એમ પણ આ તમામ શેરો છેલ્લા ચાર મહિના દરમ્યાન ખૂબ જ નીચા વેલ્યૂએશન ઉપર પહોંચી ગયા હોવાથી આ શેરમાં હવે ધીમો સુધારો જોવા મળે તે સંભાવના મજબૂત છે.

આ વખતના બજેટનું અન્ય મુખ્ય પાસું ખાધ ઉપરનું નિયંત્રણ છે. સરકાર છેલ્લા ૧૦ વર્ષથી પોતાની બજેટ ખાધ ધીરે ધીરે ઘટાડવાનું લક્ષ્યાંક ધરાવે છે. સને ૨૦૨૦-૨૧ દરમ્યાન કોરોના મહામારીને કારણે બજેટ ખાધ અંગે થોડી છૂટછાટ લેવામાં આવી હતી, પરંતુ રિવાઈઝ વર્કિંગ મુજબ સને ૨૦૦૪-૨૫માં બજેટ ખાધ લગભગ ૪.૮ ટકા રહેવાની ગણતરી છે અને નવા વર્ષ માટે બજેટ ખાધ લગભગ ૪.૪ ટકાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. સરકાર માર્કેટ બોરોઈંગ દ્વારા રૂા. ૧૧.૫૦ લાખ કરોડનું ભંડોળ ઊભું કરશે અને અન્ય સ્રોતને ધ્યાનમાં રાખીએ તો કુલ રૂા. ૧૪.૧૮ લાખ કરોડનું ભંડોળ બોરોઈંગ દ્વારા ઊભું કરાશે, પરંતુ બજેટ ખાધને જે રીતે અંકુશમાં રાખવાનું જે લક્ષ્યાંક છે તે પણ અર્થતંત્ર માટે લાંબાગાળે પોઝિટિવ બની શકશે.

બીજી તરફ મીડ ઈન્કમ હાઉસીંગ સેક્ટર માટે એલોકેશનમાં વધારો કરાયો છે અને આ એલોકેશનને કારણે સ્ટીલ અને સિમેન્ટની સાથે સાથે સરકાર માટે રીયલ એસ્ટેટ પ્રોજેક્ટો વિકસાવતી એનબીસીસીને પણ ફાયદો મળવાની ગણતરી છે અને આ પાસાને કારણે એનબીસીસીના શેરમાં બજેટ અગાઉ અને બજેટ પછી સુધારાનો ટ્રેન્ડ જોઈ શકાયો છે.

ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક વધારવા ઉપર નાણાપ્રધાને ખાસ ભાર આપ્યો છે અને ખાસ કરીને ગ્રામ્ય ભારતમાં બ્રોડબેન્ડ નેટવર્કને વધારે વિસ્તૃત કરવા માટે ખાસ એલોકેશન કર્યું છે. અને આ વધારાના એલોકેશનનો મોટો ફાયદો તેજસ નેટવર્ક, ડિલિંક, એચએફસીએલ અને એમટીએનએલને મળવાની ગણતરી છે. અને સાથે સાથે આડકતરો ફાયદો રિલાયન્સ જીઓ અને ભારતી એરટેલને પણ મળી શકશે. નાના પ્રમાણમાં તે ફાયદો વોડાફોન આઈડિયાને પણ મળવાની સંભાવના છે.

આવતા અઠવાડિયે આવકવેરાનો નવો કાયદો પણ સંસદમાં રજૂ કરાશે અને આ આવકવેરાનો કાયદો એકદમ સરળ હશે તેમ નાણાપ્રધાન અત્યારે દર્શાવી રહ્યા છે અને આ




જોગવાઈઓને કારણે પ્રજાના મોટા વર્ગને ફાયદો મળશે તેવી અપેક્ષા છે. સિનિયર સિટિઝનને વ્યાજ અંગે જે ટીડીએસની જોગવાઈ હતી તેની લિમિટ રૂા. ૫૦૦૦૦થી વધારીને રૂા. ૧ લાખ કરવામાં આવી છે તે પાસું પણ મધ્યમગાળે ફાયદાકારક બનશે. પરંતુ ભાડાની ચૂકવણી ઉપર અત્યારે રૂા. ૨.૪૦ લાખની લિમિટ હતી અને હવે તે લિમિટ વધારીને ૬ લાખ કરવામાં આવી છે એટલે કે રૂા. ૬ લાખના ભાડા સુધી કોઈ જ ટીડીએસ કાપવાની જરૂર નહિ પડે અને આ જોગવાઈનો નાનો ફાયદો રિયલ એસ્ટેટ અને કન્સ્ટ્રક્શન સેક્ટરને મળી શકશે અને ખાસ કરીને મીડ ઈન્કમ હાઉસીંગ સેક્ટરને થોડો વેગ મળે તેવી ગણતરી છે.

નિકાસોને વેગ મળે તે માટે નાણામંત્રીએ એક્સપોર્ટ પ્રમોશન મિશનનો બીજો તબક્કો જાહેર કર્યો છે. અને સાથે સાથે ભારત ટ્રેડ નેટવર્ક વિકસાવાશે. અને તેના માધ્યમથી અનેક નાના અને મધ્યમ કદના ઉદ્યોગો વધારે સરળતાથી નિકાસ કરી શકે તે લક્ષ્યાંક છે. આ જોગવાઈનો ફાયદો તાત્કાલિક તો નહિ મળે પરંતુ લગભગ બેથી ત્રણ વર્ષના ગાળામાં ભારત ટ્રેડ નેટનો ફાયદો નાના અને મધ્યમ સાઈઝના ઉદ્યોગોને નિકાસ વૃદ્ધિ દ્વારા મળી શકશે.

ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસની દૃષ્ટિએ કંપનીઓના મર્જરને વધારે સરળ કરવાની જાહેરાત કરાઈ છે અને તેથી મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં કોન્સોલિડેશન જોવા મળે અને નફાશક્તિ સુધરે તેવી ગણતરી છે. આ ઉપરાંત સર્ટિફિકેશન લાયસન્સ અને ઈન્સ્પેક્શન કમ્પ્લાયન્સ વધારે સરળ બને તે માટે એક નવી કમિટીની રચના કરવામાં આવશે. અને તેનો પણ મધ્યમગાળે બિઝનેસ ઉપર ફાયદો મળી શકશે.

અત્યારે કેવાયસીની જોગવાઈઓ થોડીક હેરાન કરનારી છે અને નાણામંત્રીએ હવે સી-કેવાયસી વધારે સરળ બને તે માટે તૈયારીઓ શરૂ કરી છે અને રાજ્યો માટે પણ ઈન્વેસ્ટર ઈન્ડેક્ષ અમલમાં આવશે. એટલે કે જે રાજ્ય ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અને નવા મૂડીરોકાણ માટે વધારે સક્રિય ભૂમિકા ભજવશે તેને ઈન્વેસ્ટર ઈન્ડેક્ષમાં ઊંચું રેન્કિંગ મળી શકશે અને આ જોગવાઈનો પણ મધ્યમગાળે ફાયદો મળશે તે સંભાવના છે.

સેલ્ફ ઓક્યુપાઈડ પ્રોપર્ટીમાં હવે બે પ્રોપર્ટી માટે કપાત મળી શકશે. અને ભલે આ જોગવાઈનો પ્રાથમિક નજરે ફાયદો ન હોય પરંતુ તેને કારણે મધ્યમગાળે હાઉસીંગ અને રીયલ એસ્ટેટ સેક્ટરને નાનો ફાયદો મળવાની ગણતરી છે. આ ઉપરાંત કરવેરાના દર ઘટાડ્યા હોવાથી તેનો ફાયદો પણ હાઉસીંગ અને રીયલ એસ્ટેટ સેક્ટરને મળી શકશે. કારણ કે વ્યક્તિ પાસે વપરાશલાયક વધારે ભંડોળ ઉપલબ્ધ થાય તો તે લોનના હપ્તા વધારે સરળતાથી ચૂકવી શકે અને તે રીતે લોન લેવા પણ વધારે ઉત્સાહિત રહે. આમ આવકવેરાના દર ઘટાડવાનો અત્યારે ભલે મોટો પોઝિટિવ ફાયદો સેન્સેક્ષ અને નિફ્ટી ઉપર ન દેખાતો હોય પરંતુ આ જોગવાઈ આવતા બે વર્ષોમાં ચોક્કસ મોટો ફાયદો લાવી શકશે.

ફિશરિસ એટલે કે મત્સ્ય ઉદ્યોગ માટેની જાહેરાતને કારણે અવન્તી ફીડના શેરના ભાવમાં બજેટ પછી ત્રણ ટકાનો ઉછાળો જોવાયો.

ફાર્મા સેક્ટરને સીધો ફાયદો નથી પરંતુ મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન મળતા ફાર્મા સેક્ટરને થોડોક ફાયદો મળી શકશે, પરંતુ બલ્ક ડ્રગની આયાતો ઉપરની કસ્ટમ ટેરિફમાં થોડી રાહતો મળી હોવાથી નિકાસલક્ષી ફાર્મા કંપનીઓને નાનો ફાયદો મળી શકશે.

એક અન્ય મહત્ત્વની જાહેરાતમાં જલ જીવન મિશનને હવે ૨૦૨૮ સુધી લંબાવવામાં આવ્યું છે અને તે માટેનું એલોકેશન પણ વધાર્યું છે. અને આ પ્રોજેક્ટને કારણે પાઈપ બનાવતી વિવિધ કંપનીઓ એસ્ટ્રાલ, સુપ્રીમ ઈન્ડસ્ટ્રીઝ, ફિનોલેક્સ ઈન્ડસ્ટ્રીઝને ફાયદો મળવાની ગણતરી છે. આ ઉપરાંત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ કરતી વિવિધ નાની-મોટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓને પણ નવો બિઝનેસ મળી શકશે.

ઈન્સ્યોરન્સ સેક્ટરમાં એફડીઆઈની લિમિટ ૭૫ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરાઈ છે. ભલે આ જાહેરાત પછી એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ વગેરે શેરોના ભાવમાં ઉછાળો જોવાયો હોય પરંતુ આમાંની એક પણ કંપની ૧૦૦ ટકા એફડીઆઈમાં આગળ નથી વધવાની અને તેને કારણે આ શેરોમાં જોવાયેલો ઉછાળો નવા અઠવાડિયામાં ધોવાઈ જાય તે સંભાવના મજબૂત છે.

આવકવેરાના અગાઉના નિયમ મુજબ વીમા પ્રિમિયમ અને મ્યુચ્યુઅલ ફંડોમાં ટેક્સ પ્લાનિંગ અંગેના રોકાણોને કપાતનો ફાયદો મળતો હતો. આ વખતના બજેટમાં એવી કોઈ જોગવાઈ ફરી વખત લાવવામાં નથી આવી અને તેથી જે અપેક્ષા લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીઓ, હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ અને મ્યુચ્યુઅલ ફંડ એએમસીને હતી તે ફળિભૂત નથી થઈ, પરંતુ સામે પક્ષે આવકવેરાના દર ઘટાડ્યા હોવાથી યુવાન વર્ગ પાસે જે ડિસ્પોઝેબલ આવક વધશે તેનો આડકતરો ફાયદો અને રોકાણ જીવન વીમાના પ્રિમિયમ, એસઆઈપી અને હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રિમિયમમાં પણ વપરાય તેવી અપેક્ષા છે અને તે રીતે આ ત્રણેય સેક્ટરના શેરોમાં ધીમો સુધારો જોવા મળે તે સંભાવના મજબૂત છે.

નાણામંત્રી દ્વારા આર્ટિફિશિયલ

## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, તોફાન પહેલા શાંતિ હોય તે રીતે બજેટ અગાઉ ભારતીય શેરબજારમાં થોડો થોડો સુધારો જોવાયો. અને ઘણા દિવસો પછી રિલાયન્સ, ટીસીએસ વગેરે હેવીવેઈટ શેરોમાં વધેલું આકર્ષણ, પરંતુ બજારની વાસ્તવિક પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. કાપડ બજાર, રીયલ એસ્ટેટ, ઓટોમોબાઈલ, શોપિંગ મોલ વગેરેમાં ઘરાકીમાં ખૂબ જ મોટો ઘટાડો અને તે પાસાને કારણે પરિણામો પણ ઉત્તરોત્તર ખરાબ આવતા જાય છે. મોટા ગાબડાનો ભય.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, સિમેન્ટના ઉત્પાદન ખર્ચમાં ઉછાળો અને સામે પક્ષે રીયલ એસ્ટેટ સેક્ટરની માંગ પણ ઠંડી, અત્યારના રૂા. ૧૧૪૭૯ના ભાવે આ શેરમાં હજી નબળાઈ ચાલુ રહેવાનો ભય.
- **ઇન્ફોસીસ**, આઈટી સેક્ટર અંગે ભારોભાર અનિશ્ચિતતા અને અમેરિકાના નવા પ્રમુખ ભારતની આઈટી કંપનીઓ અંગે શું વલણ અપનાવે છે તે જોવું રહ્યું. તેમની સર્વિસ આવકો ઉપર ટેરિફ લાગે છે કે કેમ તે અનિશ્ચિતતા, પરંતુ તે પાસા વચ્ચે રૂા. ૧૮૬૦વાળા ઈન્ફોસીસમાં ભાવ ઘટવાની સંભાવના.
- **અદાણી એન્ટરપ્રાઇઝ**, અદાણી પોર્ટના નફામાં મોટો ઘટાડો જોવાયો. અન્ય કંપનીઓના આંકડા અંગે પણ મિશ્ર ટ્રેન્ડ, રૂા. ૨૨૫૨વાળા અદાણી એન્ટરપ્રાઈઝમાં હજી મોટા ઘટાડા સાથે રૂા. ૨૧૦૦ સુધી ભાવ ઉતરી જવાની સંભાવના.
- **અદાણી પોર્ટ**, કંપનીના ડિસેમ્બર ક્વાર્ટરના પરિણામો નિરાશાજનક આવ્યા, ગયા અંક વખતે પણ આ શેરમાં મંદી કરવામાં પૈસા મળશે તે સંભાવના દર્શાવેલી. ભાવ ઘટીને રૂા. ૧૦૭૭ ઉપર આવ્યો છે અને હજી પણ મોટા ઘટાડા સાથે રૂા. ૯૬૧ સુધી ઉતરી જાય તો પણ નવાઈ નહિ લાગે.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, કંપનીને તાજેતરમાં એક મોટો ઓર્ડર ન મળ્યો. પરિણામો પણ બિનપ્રોત્સાહક, રૂા. ૩૪૨૧ વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં ઝડપી ઘટાડા સાથે રૂા.૩૩૨૧ અને તે પછીના ઘટાડે રૂા. ૩૧૯૧ સુધી ભાવ ઉતરી જવાની ગણતરી.
- **હિન્દુસ્તાન યુનિલિવર**, એફએમસીજી પ્રોડક્ટોની રીટેઈલ માંગ અંગેનું ચિત્ર નબળું, જાન્યુઆરીથી માર્ચ ક્વાર્ટરમાં પણ વેચાણો અને નફાશક્તિ ઉપર ખૂબ જ દબાણ રહેવાનો ભય, અત્યારના રૂા. ૨૪૦૮વાળા આ શેરમાં ધીરે ધીરે ભાવ ઘટીને રૂા. ૨૩૬૪ અને તે પછીના ઘટાડે રૂા. ૨૩૨૩ સુધી ઉતરી જવાની સંભાવના મજબૂત છે.
- **કોટક મહિન્દ્રા બેંક**, પર્સનલ લોન, ક્રેડિટકાર્ડ વગેરેમાં દબાણ વધ્યું છે અને થોડા પ્રમાણમાં એનપીએ પણ ઊંચકાય. અત્યારના રૂા. ૧૯૦૧ વાળા આ શેરમાં ધીરે ધીરે ભાવ ઘટે તે ભય ખૂબ મોટો.
- **મારૂતિ સુઝુકી**, છેક મોડે મોડે ઈલેક્ટ્રિક વાહન લોન્ચ કરી રહ્યા છે. અત્યારે નીચા ભાવની કેટેગરીમાં માંગ ઠંડી અને તેથી મારૂતિના જાન્યુઆરીથી માર્ચ ક્વાર્ટરના પરિણામો નબળા આવવાનો ભય, રૂા. ૧૨૦૦૦ના આ શેરમાં આગામી દિવસોમાં ધીરે ધીરે રૂા.૧૧૯૧૧ અને તે પછી રૂા. ૧૧૮૨૩નો ભાવ જોવા મળે તે ભય.
- **શ્રીરામ ફિનાન્સ**, અનેક ફંડ હાઉસ અત્યારે આ શેર અંગે ઊંચા લક્ષ્યાંકો આપી રહ્યા છે. દક્ષિણ ભારતના માર્કેટમાં આ કંપનીની આગવી પોઝિશન, તેમ છતાં અર્થતંત્રના સ્લોડાઉનને કારણે એનપીએ વધે. રૂા. ૫૩૮વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૫૦૦ સુધી ભાવ ઉતરી જાય તો પણ નવાઈ નહિ લાગે.
- **એચસીએલ ટેકનોલોજી**, અમેરિકામાં આઈટી સેક્ટરની કામગીરી અંગે અનિશ્ચિતતા અને તે પાછળ શેરના ભાવમાં ઘટાડાનો તબક્કો, એઆઈને કારણે પણ બિઝનેસને અસર પડે તે ભય વધ્યો છે. શેર અત્યારે રૂા. ૧૭૧૩ ઉપર અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂા. ૧૬૮૦ અને તે પછીના ઘટાડે રૂા. ૧૬૪૪નો ભાવ જોવા મળવાની ગણતરી.
- **વોલ્ટાસ**, તાતાની આ કંપનીમાં પરિણામો સામાન્ય, પરંતુ સામે પક્ષે ભાવ સારો એવો ઘટી ગયો છે. રૂા. ૧૨૬૮ના ભાવે હવે જોખમ નહિવત, સુંદર બાઉન્સબેકની તૈયારી, પાંચ કે દસ શેર લઈને મૂકી શકાય.
- **નેશનલ એલ્યુમિનિયમ**, સરકારી કંપની અને વિશ્વસ્તરે એલ્યુમિનિયમના ભાવમાં મોટા કડાકાની તૈયારી, રૂા. ૧૯૩થી ઘટીને રૂા. ૧૮૩નો ભાવ બતાવે.

**POLYLINK POLYMERS (INDIA) LIMITED**

CIN :L17299GJ1993PLC032905

Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810

Phone No.079-26427800 FAX No.079-26421864

Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

Extract of statement of Unaudited Financial Results for the Quarter and Nine Month Ended December 31, 2024

(Rs. in Lacs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.12.2024 | Quarter Ended 30.09.2024 | Quarter Ended 31.12.2023 | Nine Months Ended 31.12.2024 | Nine Months Ended 31.12.2023 | Year Ended 31.03.2024 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Audited) |
| 1 | Total Income from operations | 2,255.30 | 2,107.47 | 1,896.61 | 6,743.97 | 5,245.69 | 7,491.04 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 130.27 | 59.88 | 63.13 | 309.89 | 122.08 | 231.39 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 130.27 | 59.88 | 63.13 | 309.89 | 122.08 | 231.39 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 94.70 | 40.98 | 45.38 | 223.28 | 94.20 | 173.18 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 94.70 | 40.98 | 45.38 | 223.28 | 94.20 | 172.60 |
| 6 | Equity Share Capital | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | 1,675.87 |
| 8 | Earnings Per Share (of Rs.5/- each) (for continuing and discontinued operations) | - | - | - | - | - | - |
| | (a) Basic (Rs) | 0.43 | 0.19 | 0.21 | 1.01 | 0.43 | 0.78 |
| | (b) Diluted (Rs) | 0.43 | 0.19 | 0.21 | 1.01 | 0.43 | 0.78 |

**Notes:**

1.The above unaudited financial results have been reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 3rd February 2025. The statutory auditors have performed limited review of the financial results for the quarter and Nine months ended 31st December 2024 and have issued an unmodified review report on the same.

2. The above unaudited financial results of the Company for the quarter and Nine months ended December 31st, 2024, have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind AS") as prescribed under section 133 of the Companies Act, 2013 (as amended) read with the Companies (Indian Accounting Standards) Rules 2015 (as amended).

3. The company has only one segment namely "manufacture and sale of polymeric compounds". As such there is no separate reportable segment as per IND-AS 108 'Operating Segments'.

4. The above is an extract of the detailed format of Quarterly results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites at www.bseindia.com and website of the Company at www.polylinkpolymers.com

By order of the Board
of Polylink Polymers (India) Limited
Sd/-
Raviprakash Harishankar Goyal
Whole Time Director
DIN: 00040570

Date : 3rd February, 2025
Place : Ahmedabad

# CHANAKYA

NI POTHI

Ahmedabad 04-02-2025


## Alembic Pharma Q3 results: PAT falls 23.29% amid market headwinds

Alembic Pharma on Monday reported a 23.29 per cent year-on-year (Y-o-Y) decline in its consolidated profit after tax (PAT) for the third quarter of financial year 2024-25 (Q3FY25) at Rs 138.42 crore, down from Rs 180.45 crore in the same period last year.

Alembic's revenue from operations rose to Rs 1,692.74 crore in Q3FY25, a 3.8 per cent Y-o-Y increase from Rs 1,630.57 crore in Q3FY24.

Commenting on the reasons behind the drop in PAT, Shaunak Amin, managing director, Alembic, said the company faced market headwinds in the acute segment this quarter.

"To strengthen field force efficiency, we have enhanced automation and artificial intelligence (AI) to upscale execution. This transition has partly impacted quarterly growth," he added.



At the operating level, the company's earnings before interest, tax, depreciation, and amortisation (Ebitda) rose to Rs 271 crore, with an adjusted Ebitda margin of 16 per cent in the December quarter, compared to Rs 269 crore and 16.5 per cent, respectively, in the same period last financial year.

The company's India branded business grew 3 per cent to Rs 614 crore in Q3FY25, driven by a 22 per cent growth in its animal health business, supported by a strong portfolio of brands.Amin added that Alembic's other key therapies in its specialty business continued to outpace market growth.

In the international business, Alembic's US generics segment grew 10 per cent to Rs 521 crore, while the ex-US business also saw a 10 per cent increase to Rs 299 crore.

## Proxy advisors oppose Rashmi Saluja's reappointment at Religare Enterprises

Three leading proxy firms have recommended an 'against' vote on a resolution pertaining to the reappointment of Rashmi Saluja as director on the board of Religare Enterprises (REL), citing corporate governance concerns.

Stakeholders Empowerment Services (SES), Institutional Investor Advisory Services (IiAS), and InGovern Research have issued voting recommendations on the three resolutions floated by the financial services firm.

Voting will begin from Tuesday and results are expected after the annual general meeting (AGM) scheduled for Friday.

Fifty-year-old Saluja is liable to retire by rotation unless reappointed again at the upcoming AGM, which was originally slated for December.

It was delayed due to legal proceedings before the Madhya Pradesh High Court (HC). It was later dismissed.

Saluja has also filed a plea in Delhi HC against the resolution, contending that her appointment in 2023 was for a fixed period of five years.

The plea, which four independent directors and the Burman family have objected to, is scheduled to be heard this week in the HC. "She is a member of the Audit Committee (AC) and the Nomination and Remuneration Committee (NRC), raising concerns over potential conflicts of interest," said IiAS.

The advisory firm added that various legal disputes and police cases may be potential distractions to the board and Saluja's ability to execute her responsibilities as the executive chairperson.

"We believe the ill-advised grant of ESOPs and the current misalignment with the largest shareholder remain a cause for concern. We do not support the resolution," the note by IiAS added.

Citing the regulatory scrutiny, legal challenges, and creditworthy issues, InGovern has also recommended against the reappointment.

"The ongoing scrutiny of Religare raises questions about the effectiveness of governance under her leadership which reflects poorly on her oversight and governance capabilities. There are also concerns about her compensation practices and adherence to regulatory guidelines regarding executive remuneration," said InGovern.

InGovern said that high executive remunerations paid by the company, compared to peers with similar market valuations, raises concerns on governance and impacts the company's reputation negatively.

Meanwhile, these two proxy advisory firms are in "favour" of two other resolutions, which includes adoption of the standalone financial statements and appointment of statutory auditor.

SES has also an 'against' vote on resolutions around adoption of financial statements, citing concerns that financials of certain subsidiaries are not disclosed on the website.

On Saluja, other than the compensation and regulatory orders, SES has also cited disproportionate and excessive ESOPs at the company and group levels as a concern.

Refuting the concerns raised by the proxy advisory firms, REL said that the reports were 'orchestrated and motivated'. The company has also questioned the timing of the reports by the advisory firms.

"We strongly condemn attempts to disseminate false information and create prejudicial narratives through unsubstantiated reports.

The matters regarding compensation practices and ESOPs are currently sub-judice, and as such, any attempt to influence public opinion through misleading analysis is not only unethical but also shows complete disregard for ongoing legal proceedings," said the company.

## Allied Blenders plans three luxury brands for larger market share

Allied Blenders and Distillers, the makers of Officer's Choice whiskey, is eyeing a larger segment of the prestige and above segment of the alcobev market, with plans to launch at least three new luxury brands this year.

The maker of Zoya gin and Arthaus whiskey has strengthened its luxury portfolio in the last few months with several acquisitions. After partnering with Russian Standard vodka in October last year, the company announced the expansion of Woodburns Indian malt into the super premium whiskey segment in the December quarter.

The company announced its acquisition of a 51 per cent stake in Good Barrel distillery, which produced Rock Paper rum, thus foraying into a new category. "We are working to realign our portfolio to be in line with the consumption trend. We have a strong presence in mass and premium and in the prestige and affluent whiskey segment. Our challenge has always been on the premium and luxury, so that is what we want to focus on. It contributes roughly 3 per cent of total cases and more than 20 per cent of industry profit," Alok Gupta, managing director, Allied Blenders and Distillers, said.

"We are now looking at another three brands to be rolled out over the next few quarters, which will help us have an entire portfolio of eight brands within this calendar year," he added.

The prestige and above segment contributed 42 per cent to the company's total volumes in the December quarter, up from 37.9 per cent in the year-ago period.

The segment saw a growth of 13.3 per cent in the third quarter, while the mass segment grew by 3 per cent.

Talking about the ongoing quarter, Gupta said the company expects to see the same trend continue with a double-digit growth in volumes.

The company is also looking to venture into the Indian single malt category with a new brand by 2030, while also expanding its international business.

"We are aiming to grow to 30 countries in the upcoming financial year, up from 22 currently," Gupta added.

In its third quarter results announced last week, the company reported a net profit of Rs 57.46 crore, up from a loss of Rs 4 crore in the year-ago period. Meanwhile, its revenue grew 12.9 per cent to Rs 2,342.38 crore in the Q3FY25.

## Aditya Birla Capital Q3 results: Net profit down 4% at Rs 708 crore

Aditya Birla Capital Ltd (ABCL) reported a 4 per cent year-on-year (Y-o-Y) decline in consolidated net profit to Rs 708 crore in the third quarter ended December 2024 (Q3FY25), compared to Rs 736 crore a year ago.

The consolidated revenue for the reporting quarter rose 10 per cent Y-o-Y to Rs 10,949 crore in Q3FY25.

ABCL, a holding entity for the Aditya Birla Group's financial services businesses, including lending, mutual funds, and insurance, saw its stock close 2.58 per cent lower at Rs 172.1 per share on the BSE.

The total lending portfolio, covering segments like MSME and housing finance, grew 27 per cent Y-o-Y to Rs 1.46 trillion at the end of December 2024 (Q3FY25), according to an analyst presentation.

Its non-banking finance company (NBFC) unit, Aditya Birla Finance Ltd, saw its net interest income (NII) increase 5 per cent Y-o-Y to Rs 1,734 crore. However, its net interest margin (NIM), including fee income, declined to 6 per cent in Q3FY25 from 6.88 per cent in Q3FY24.

The number of active investors on the National Stock Exchange (NSE) have jumped 44 per cent over the past one year to 47.9 million at the end of September 2024. The surge in active clients is underpinned by the rally in the markets, with the Nifty 50

This Aditya Birla Group stock surged 17% today; up 74% so far in December In the post-results analyst call, Rakesh Singh, managing director, Aditya Birla Finance, said margins would stabilise around this level before improving.

The NBFC's disbursements in Q3FY25 shrank 8 per cent to Rs 15,233 crore, from Rs 16,550 crore in Q3FY24. However, the loan book expanded 21 per cent Y-o-Y to Rs 1.19 trillion.

"The focus is on growing the MSME loan book, while growth in the personal and consumer loan segment will continue to be calibrated," Singh said.

The asset quality improved, with gross non-performing assets (NPAs) falling to 2.3 per cent in December 2024, compared to 2.6 per cent a year earlier. The capital adequacy ratio stood at 16.77 per cent, with Tier-I capital at 14.43 per cent at the end of December 2024. The housing finance unit posted 39 per cent Y-o-Y growth in net interest income (NII) at Rs 290 crore in Q3FY25.

Disbursements grew 136 per cent to Rs 4,750 crore in Q3FY25, while the loan book expanded 62 per cent Y-o-Y to Rs 26,714 crore at the end of December 2024.

## Nissan Motor India to export 10,000 LHD units of New Magnite by Feb-end

Nissan Motor India will export a total of over 10,000 units of the left-hand drive (LHD) version of its New Nissan Magnite, the B-SUV launched in October 2024, by February end, as part of the company's strategy to transform India into a global hub for exports.

The company had flagged off the first shipment of close to 2,900 units of the vehicle's LHD variant from Chennai's Kamarajar Port (KPL - Ennore), in late January to select markets in the Latin American (LATAM) region.

This underscores the company's 'One Car One World' strategy and highlights Nissan Motor India's commitment towards expanding its global footprint and transforming India into a global hub for exports, the company said.

In February 2025, Nissan Motor India will export over 7,100 units of the New Nissan Magnite in the second part in February to markets in the Middle East, North Africa, select markets in LATAM and Asia Pacific region.

Talking about the milestone, Frank Torres, divisional vice-president of AMIEO Region Business Transformation & President of Nissan India Operations, said, "Nissan Motor India has been diligently working towards expanding its operations and reach, not just within the domestic market, but also focusing on exports.

In line with our export plans announced last year, we are delighted to begin exports of the New Nissan Magnite to LHD markets. This is a significant achievement, and we look forward to serving new customers in these regions. The Nissan Magnite has been the cornerstone of our success in both India and global markets, and we are confident that this India-made vehicle will drive our export growth further."

The main features include six airbags, anti-lock braking system (ABS), electronic brakeforce distribution (EBD), vehicle dynamic control (VDC), and a rearview camera. The Magnite is powered by an advanced turbocharged 1.0-litre engine which can be paired with either a manual or advanced Continuously Variable Transmission (CVT).

Manufactured at Nissan's Alliance JV plant (RNAIPL) in Chennai, the roll-out of the LHD New Nissan Magnite to global markets underscores India's crucial role as a global manufacturing and export hub for Nissan. The vehicle will now be available in over 65 global markets, including most LHD markets.

Recently, Nissan Motor India began exporting its recently launched New Nissan Magnite (RHD), to South Africa. In line with the announcement made during the vehicle's launch, the company rolled out this latest offering from Nissan's Alliance JV plant in Chennai to global markets, with South Africa becoming the first country to receive the popular SUV from Nissan.

Over 2,700 units of the RHD New Nissan Magnite were shipped from the Chennai port to South Africa market within a month after its global launch in India last year. The vehicle remains a testament to Nissan's 'Make in India, Make for the World' vision, surpassing cumulative sales of 170,000 units till date, making a powerful impact in both Indian and global markets since its December 2020 debut.

Saurabh Vatsa, managing director of Nissan Motor India, said, "The commencement of exports of the LHD New Nissan Magnite is a proud moment for us, as it aligns with our 'One Car, One World' philosophy. The Magnite showcases the best of Japanese engineering combined with local expertise. It reinforces our 'Make in India, Make for the World' vision, delivering world-class innovation, safety, and value to customers globally. This also highlights India's increasing importance as a key manufacturing and export hub for Nissan."

Keerthi Prakash, managing director, Renault Nissan Automotive India Pvt. Ltd., said, "The successful production and export of the New Nissan Magnite to LHD markets is a testament to the exceptional capabilities of our team and the world-class manufacturing standards at our Chennai plant. This achievement underscores India's significant role in driving Nissan's global success and further elevates the reputation of the New Nissan Magnite as a truly global vehicle."

## Metropolis Healthcare, Roche team up to launch HPV DNA testing in India

Metropolis Healthcare on Monday announced its collaboration with Roche Diagnostics India and Neighbouring Markets to introduce self-sampling human papillomavirus (HPV) DNA test for cervical cancer screening in India.

"The HPV test will be rolled out on February 4 to coincide with World Cancer Day," an official with Metropolis said. While Roche is involved in developing the test, Metropolis will work on distribution across the country. The companies did not disclose the pricing of the tests.

According to the National Institutes of Health (NIH), India contributes to 21 per cent of the world's total cases of cervical cancer. "The country also accounts for nearly 79,000 deaths among Indian women each year, which is roughly two thirds of diagnosed cases,"the company added.

Data from the National Family Health Survey (NFHS) 2020 adds that only about 1.9 per cent women in India are currently being screened for cervical cancer.

Commonly cervical cancer screening is conducted through visual inspection of the cervix with acetic acid (VIA) and Pap smear test. A conventional Pap smear typically costs between Rs 500 and Rs 700, while an advanced Pap smear using liquid-based cytology is generally priced between Rs 1,000 and Rs 1,500.

A HPV DNA test, on the other hand, may cost upwards of Rs 2,000.

Sandeep Sewlikar, head, medical and scientific affairs, regulatory affairs and quality at Roche Diagnostics India, added that they believe HPV DNA screening is cost effective as the World Health Organisation (WHO) recommends every woman to undergo this test every five to ten years, compared to a Pap smear, which is recommended once every three years. "In the long-term, HPV DNA screening results in reduced follow-ups and fewer number of tests over a lifetime,"he added.

Tripti Raheja, Lead Consultant, obstetrics and gynaecology at the CK Birla Hospital, Delhi said that while HPV DNA tests can detect presence of high-risk HPV viruses in the cervix that can lead to cancer earlier than a Pap smear, self-testing may not be advisable.

"As the sample is to be taken from the cervix for any cervical cancer screening, it is advisable that sampling should be undertaken by a gynaecologist only as it reduces any chances of sampling error," she said.

Roche claims that its test detects fourteen high-risk HPV genotypes in a single tube and is a clinically validated, FDA-approved, and WHO-prequalified solution.

According to the company, the launch of this test aims to expand access to cervical cancer screening across India by making early detection more convenient for women, including those in Tier 2, 3 and 4 towns.

## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN :L17299GJ1993PLC032905

Regd. Office & Works : Block No. 229-230, Valthera, Tal - Dholka, Dist. - Ahmedabad-387810

Phone No.079-26427800 FAX No.079-26421864

Email: polylink@polylinkpolymers.com; website: www.polylinkpolymers.com

**Extract of statement of Unaudited Financial Results for the Quarter and Nine Month Ended December 31, 2024**

(Rs. in Lacs)

| SR. NO. | PARTICULARS | Quarter Ended 31.12.2024 | Quarter Ended 30.09.2024 | Quarter Ended 31.12.2023 | Nine Months Ended 31.12.2024 | Nine Months Ended 31.12.2023 | Year Ended 31.03.2024 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Audited) |
| 1 | Total Income from operations | 2,255.30 | 2,107.47 | 1,896.61 | 6,743.97 | 5,245.69 | 7,491.04 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 130.27 | 59.88 | 63.13 | 309.89 | 122.08 | 231.39 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 130.27 | 59.88 | 63.13 | 309.89 | 122.08 | 231.39 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 94.70 | 40.98 | 45.38 | 223.28 | 94.20 | 173.18 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 94.70 | 40.98 | 45.38 | 223.28 | 94.20 | 172.60 |
| 6 | Equity Share Capital | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 | 1,105.58 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | 1,675.87 |
| 8 | Earnings Per Share (of Rs.5/- each) (for continuing and discontinued operations) | - | - | - | - | - | - |
| | (a) Basic (Rs) | 0.43 | 0.19 | 0.21 | 1.01 | 0.43 | 0.78 |
| | (b) Diluted (Rs) | 0.43 | 0.19 | 0.21 | 1.01 | 0.43 | 0.78 |

**Notes:**

1.The above unaudited financial results have been reviewed by the Audit Committee and approved and taken on record by the Board of Directors at its meeting held on 3rd February 2025. The statutory auditors have performed limited review of the financial results for the quarter and Nine months ended 31st December 2024 and have issued an unmodified review report on the same.

2. The above unaudited financial results of the Company for the quarter and Nine months ended December 31st, 2024, have been prepared in accordance with the Indian Accounting Standards ("Ind AS") as prescribed under section 133 of the Companies Act, 2013 (as amended) read with the Companies (Indian Accounting Standards) Rules 2015 (as amended).

3. The company has only one segment namely "manufacture and sale of polymeric compounds". As such there is no separate reportable segment as per IND-AS 108 'Operating Segments'.

4. The above is an extract of the detailed format of Quarterly results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites at www.bseindia.com and website of the Company at www.polylinkpolymers.com

By order of the Board
of Polylink Polymers (India) Limited
Sd/-
Raviprakash Harishankar Goyal
Whole Time Director
DIN: 00040570

Date : 3rd February, 2025
Place : Ahmedabad